કોર્ટ લગ્ન કરનાર યુવકના ભાઈ પર જીવલેણ હુમલો

સુરતઃ મૂળ ભાવનગરના મહુવા તાલુકાના લોંગડી ગામના વતની અને હાલ સુરતના પુણાગામ દાનગીગેવ સોસાયટી વિભાગ-૧ માં રહેતા હિંમતભાઈ બાબુભાઈ જાદવ (ઉ.વ.50) ના મોટા પુત્ર જતીને રીંકલ ધનજીભાઈ ઢાપા સાથે કોર્ટ લગ્ન કરી લેતા અને બંને ભાગી જતાં આ લગ્નથી રીંકલનો પરિવાર નારાજ હતો. જેથી ગત તા. 02/11/2026 ના રોજ રાત્રિના નવેક વાગ્યાના અરસામાં હિંમતભાઈનો નાનો પુત્ર ચંદ્રેશ (ઉ.વ.24) કાપોદ્રા અક્ષર ડાયમંડ પાસે આવેલા જેક્શન ટેલર ખાતેથી સિલાઈકામ પતાવીને ચાલીને ઘરે પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન ધનજીભાઈનો ભત્રીજો કિશન હિંમતભાઈ ઢાપા તથા ધનજીભાઈના ભાણેજ સુરેશ શામજીભાઈ બાંભણીયા અને વિજય ગોરધનભાઈ ડાભી મોટરસાઈકલ લઈને આવ્યા હતા અને ચંદ્રેશને માર મારી નાસી છૂટ્યા હતા.

17 કરોડનું એક્વેરિયમ અઢી વર્ષથી બંધ

‘અંદર માછલીઓ તરે છે, પણ જોવાની મનાઈ’

બંધ પડેલા એક્વેરિયમના નિભાવ પાછળ 1.06 કરોડનું આંધણ

સુરતઃ સુરતના પાલ વિસ્તારમાં 17 કરોડના ખર્ચે આકાર પામેલું સુભાષચંદ્ર બોઝ એક્વેરિયમ (જગદીશચંદ્ર બોઝ એક્વેરિયમ) રાજ્યનું કદાચ એવું અનોખું એક્વેરિયમ બન્યું છે, જ્યાં અતિ દુર્લભ માછલીઓનો વિશાળ ખજાનો હોવા છતાં તેને જોવા પર જાહેર જનતા માટે પાબંદી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 2014માં લોકાર્પિત કરાયેલું આ પ્રવાસન ધામ છેલ્લાં અઢી વર્ષ (28 માર્ચ, 2025) થી બંધ હાલતમાં છે. સુરતનાં મુખ્ય ચાર આકર્ષણો પૈકીનાં એક આ સ્થળ પર તાળાં વાગી જતાં સુરતીઓ તેમજ દૂર દૂરથી આવતા પ્રવાસીઓ નિરાશ થઈને વિલા મોઢે પરત ફરી રહ્યા છે.

આશરે 11 વર્ષ અગાઉ તૈયાર થયેલી આ આધુનિક ઈમારતના પિલર અને કોલમ નબળા પડ્યા હોવાનું સ્ટ્રક્ચર સ્ટેબિલિટીના નિરીક્ષણમાં સામે આવ્યું હતું. આ નેગેટિવ રિપોર્ટ બાદ ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાની આશંકા અને પબ્લિકની સુરક્ષા ધ્યાને રાખીને તંત્ર દ્વારા એન્ટ્રી બંધ કરી દેવામાં આવી હતી. સુરતની સદીઓ જૂની ઐતિહાસિક મુગલીસરા કચેરી આજે પણ અડીખમ ઊભી છે, ત્યારે માત્ર 11 વર્ષમાં 17 કરોડના ખર્ચે બનેલું આ બાંધકામ કેમ જોખમી બન્યું તે સામે ગંભીર સવાલો ઊઠ્યા છે.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, જનતા માટે દરવાજા બંધ હોવા છતાં અંદર રહેલી દુર્લભ માછલીઓ અને સિસ્ટમની જાળવણી પેટે દર વર્ષે મુંબઈની એક ખાનગી એજન્સીને 1.06 કરોડ ચૂકવવામાં આવી રહ્યા છે. એક્વેરિયમના ચીફ ક્યુરેટર રાજેન્દ્ર પટેલે સ્પષ્ટતા કરી હતી કે, અંદર રહેલી માછલીઓ ‘લાઈવ સ્ટોક’ (જીવંત પ્રાણીઓ) હોવાથી તેમની દૈનિક સંભાળ અને યોગ્ય માવજત કરવી અનિવાર્ય છે. તેથી સ્ટાફ અને એજન્સી દ્વારા રોજ હાજર રહીને માછલીઓની સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે. જેથી જીવોને નુકસાન ન પહોંચે.

કરોડોની આવક ઠપ, દિવાળી અને વેકેશનમાં પ્રવાસીઓ નિરાશ

જ્યારે આ એક્વેરિયમ કાર્યરત હતું ત્યારે મહાનગરપાલિકાને ગેટ એન્ટ્રીની ટિકિટ્સ થકી પ્રતિ વર્ષ ₹1.75 કરોડથી ₹2 કરોડની માતબર આવક થતી હતી. રોજના સરેરાશ 700થી 1,000 મુલાકાતી આવતા હતા. જ્યારે દિવાળી અને ઉનાળુ વેકેશનની સિઝનમાં જ ₹20થી ₹25 લાખની આવક નોંધાતી હતી. અઢી વર્ષથી બંધ રહેવાના કારણે સતત બે દિવાળી અને બે ઉનાળુ વેકેશનમાં મનપાએ કરોડો રૂપિયાની આવક ગુમાવી છે. બીજી તરફ માવજત પાછળ કરોડોનો ધુમાડો થઈ રહ્યો છે. છતાં સત્તાધીશો કે અધિકારીઓ પાસે આ નજરાણું ક્યારે ફરી શરૂ થશે તેનો કોઈ સ્પષ્ટ જવાબ નથી.

સુરતના ચારમાંથી બે આકર્ષણ બંધ



રિંગ રોડ પર સફાઈ કરતા મનપાનાં ડમ્પરમાં ઓઈલ ટેન્કમાં લીકેજથી આગ

કિન્નરી સિનેમા પાસે વહેલી સવારે 6:20 કલાકે બનેલી ઘટનાથી અફરાતફરી મચી



સુરતઃ રિંગ રોડ સ્થિત કિન્નરી સિનેમા પાસે ગુરુવારે વહેલી સવારે રસ્તાની સફાઈ અને બ્રશિંગની કામગીરી કરી રહેલા એક ડમ્પરમાં અચાનક આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. ડમ્પરના ઓઈલ ટેન્કમાં લીકેજ થયા બાદ આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે. જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં આખું ડમ્પર આગની લપેટમાં આવી ગયું હતું. બનાવની જાણ થતાં જ માનદરવાજા ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુરુવારે સવારે આશરે 6:20 કલાકે કિન્નરી સિનેમા નજીક રસ્તા મનપાનાં ડમ્પર દ્વારા સફાઈ અને બ્રશિંગની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન કામગીરીમાં જોડાયેલા ડમ્પરના ઓઈલ ટેન્કમાંથી લીકેજ થતાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. શરૂઆતમાં આગ નાની હતી, પરંતુ ઓઈલના કારણે આગે ગણતરીની મિનિટોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેના પગલે ડમ્પરનો મોટાભાગનો હિસ્સો આગની લપેટમાં આવી ગયો હતો. બનાવને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવતાં માનદરવાજા ફાયર સ્ટેશનની ટીમ સાધનો સાથે સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર સબ ઓફિસર જીગ્નેશ સોલંકીના જણાવ્યા મુજબ, ડમ્પરના ઓઈલ ટેન્કમાં લીકેજ થવાને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગને કારણે ડમ્પરને નુકસાન થયું હતું.

સુરતથી પટના સીધી વિમાન સેવા શરૂ કરવા નિત્યાનંદ રાય સમક્ષ રજૂઆત

ઉડ્ડયન મંત્રી સાથે ચર્ચા કરી પ્રયાસો કરવાની કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રીની ખાતરી



સુરતઃ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય સમક્ષ સુરત અને દક્ષિણ ગુજરાતમાં વસતા લાખો પ્રવાસી બિહારીઓની સુવિધાને ધ્યાનમાં રાખી સુરતથી બિહારની રાજધાની પટના માટે સીધી વિમાન સેવા શરૂ કરવાની માંગણી રજૂ કરવામાં આવી હતી.

પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, સીધી હવાઈ સેવા શરૂ થવાથી પ્રવાસીઓને લાંબી મુસાફરી અને કનેક્ટિંગ ફ્લાઇટની અગવડતામાંથી રાહત મળશે તેમજ સમય અને નાણાંની બચત થશે. રજૂઆતને પગલે નિત્યાનંદ રાયે આ મુદ્દે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી સાથે ચર્ચા કરવાની તથા સુરત-પટના સીધી વિમાન સેવા શરૂ થાય તે માટે જરૂરી પ્રયાસો કરવાની ખાતરી આપી હતી.

નિત્યાનંદનું બિહાર વિકાસ પરિષદ અને બિહાર ફાઉન્ડેશન, ગુજરાત ચેપ્ટરના હોદ્દેદારોએ પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કર્યું હતું. મંત્રીએ સુરતવાસીઓને દિવાળી, નૂતન વર્ષ અને છઠ્ઠ પૂજાની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે છઠ્ઠ મહાપર્વને બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશના લોકોની આસ્થાનું મહત્ત્વપૂર્ણ પર્વ ગણાવ્યું હતું.તાં જણાવ્યું હતું કે, આજે વિશ્વભરમાં આ પર્વ શ્રદ્ધા અને ઉત્સાહથી ઉજવાય છે. કાર્યક્રમમાં સુરત મહાનગર ભાજપના મહામંત્રી દુર્ગા પ્રસાદ પાંડે, કરશન ગોંડલિયા સહિત બિહાર વિકાસ પરિષદ, બિહાર ફાઉન્ડેશનના હોદ્દેદારો, ઉદ્યોગપતિઓ અને વિવિધ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

રેન્જ રોવર કારના ક્લેઈમ મુદ્દે વીમા કંપનીને કમિશનની ફટકાર

કમિશનની આકરી નોંધ, વીમાના પૈસા પડાવવા માટે કોઈ વ્યક્તિ પોતાનો જીવ જોખમમાં મૂકે નહીં

સુરતઃ સુરતમાં ગ્રાહક તકરાર નિવારણ આયોગે રૂ. 1.25 કરોડની કિંમતની લક્ઝરી રેન્જ રોવર કારનો વીમા દાવો (ક્લેઈમ) મનસ્વી રીતે રદ કરનાર વીમા કંપની સામે ગ્રાહકના પક્ષમાં મોટો ચુકાદો આપ્યો છે.

મોટા વરાછાના કેતનકુમાર સભાળિયાએ પોતાની સેકન્ડ હેન્ડ રેન્જ રોવર કારની રૂ. 1.25 કરોડની IDV ધરાવતી પોલિસી લીધી હતી. ફેબ્રુઆરી 2022માં ઈચ્છાપોર ચોકડી પાસેથી પસાર થતી વખતે અજાણ્યા ટ્રકે ટક્કર મારતાં કાર કેનાલમાં ખાબકી હતી અને તે ‘ટોટલ લોસ’ જાહેર થઈ હતી.

વીમા કંપનીએ ગ્રાહક પાસે કાર ખરીદીના નાણાકીય વ્યવહારો, આઈ.ટી.આર. (ITR) અને અંગત દસ્તાવેજો માંગી, અકસ્માત ઈરાદાપૂર્વકનું નાટક હોવાનું જણાવી ક્લેઈમ નામંજૂર કર્યો હતો. તેમજ પોલીસમાં અરજી પણ કરી હતી, જે પોલીસે તપાસ બાદ ફાઈલ કરી દીધી હતી.

કેસમાં કમિશને આકરી નોંધ લીધી હતી કે વીમા કંપનીને ગ્રાહક કાર ખરીદી માટે નાણાં ક્યાંથી લાવ્યા તે પૂછવાનો કોઈ અધિકાર નથી. માત્ર વીમાના નાણાં મેળવવા કોઈ વ્યક્તિ પોતાના પ્રાણ જોખમમાં મૂકીને કેનાલમાં ગાડી નાખે નહીં. કમિશને વીમા કંપનીની સેવા ક્ષતિ બદલ ઝાટકો આપી કારની રૂ. 1.25 કરોડની રકમ વ્યાજ સહિત ગ્રાહકને ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

સુરતની વિઝા કન્સલ્ટન્ટ સાથે મુંબઈના એજન્સી સંચાલકોની 22 લાખની ઠગાઈ

રૂ.16.80 લાખ પચાવી પાડનાર મુંબઈની ‘એચિવ ઇન્ટરનેશનલ’ના સંચાલકો સામે ગુનો દાખલ

સંચાલકો દ્વારા 1 લાખ જમા આપવાને કારણે મહિલા કન્સલ્ટન્ટનું એકાઉન્ટ પણ ફ્રીજ થઈ ગયું હતું

સુરતઃ અડાજણ વિસ્તારમાં ફ્રિલાન્સિંગ ઈમિગ્રેશન સર્વિસ આપતી મહિલા સાથે યુકે અને કેનેડાના વર્ક પરમિટ તથા વિઝિટર વિઝાના નામે મુંબઈની ઓવરસીઝ એજન્સીના સંચાલકોએ આચરેલી લાખો રૂપિયાની ઠગાઈનો અત્યંત ગંભીર માહોલ સામે આવ્યો છે.

અડાજણ ચંદન પાર્ક સોસાયટીમાં રહેતી અને ફ્રિલન્સર ઈમિગ્રેશન સર્વિસ પ્રોવાઈડર તરીકે કામ કરતી નેહા વિજયસિંહ જાદવ (ઉ.વ.40) દ્વારા અડાજણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. નેહાબેન છેલ્લાં ચારેક વર્ષથી યુકે, કેનેડા સહિતના દેશોના વર્ક પરમિટ અને વિઝિટર વિઝાની પ્રોસેસનું કામ કરે છે. નવેમ્બર-2023માં મુંબઈના મલાડ ખાતે આવેલી ‘એચિવ ઈન્ટરનેશનલ’ના પ્રોપરાઇટર રોહિતસીંગ સોગરા અને હીના સુરા સાથે તેમનો સંપર્ક થયો હતો. નેહાબેને પોતાના ક્લાઈન્ટ્સ દિશુબેન, ફાતેમા ફારૂકભાઈ અને ખુશ્બુ પટેલના વિઝા માટે આંગડિયા અને ગૂગલ પે દ્વારા તબક્કાવાર રીતે કુલ રૂ.22,00,000ની માતબર રકમ આરોપીઓને ચૂકવી હતી. જોકે, આરોપીઓએ અસલ કોસ લેટર આપવાના બદલે બોગસ અને ખોટા દસ્તાવેજો બનાવીને એમ્બેસીમાં સબમિટ કરાવ્યા હતા. જેના કારણે એમ્બેસી દ્વારા ગ્રાહકોની અરજીઓ રિજેક્ટ કરવામાં આવી હતી અને ગ્રાહકોને ૧૦ વર્ષનો પ્રતિબંધ લાગી ગયો હતો. નેહાબેને પોતાનાં નાણાં પરત માંગ્યાં, ત્યારે આરોપીઓએ ભારે ધાકધમકી આપી હતી. મામલો પોલીસ સુધી પહોંચતા આરોપીઓએ તા.15/3/2025ના રોજ નોટરી સમક્ષ રૂ.22 લાખ ચૂકવવાનો લેખિત સમજૂતી કરાર કર્યો હતો. પરંતુ ચેક રિટર્ન થયા હતા. એટલું જ નહીં આરોપીએ સમાધાન પેટે જે નાણાં ટ્રાન્સફર કર્યા હતા, તે પંજાબના બરનાલા સાયબર ક્રાઈમ ફ્રોડના કેસ સાથે સંકળાયેલા હોવાથી નેહાબેનનું બેંક ખાતું પણ ફ્રીઝ થઈ ગયું હતું.

બે શિફ્ટમાં ડ્રેનેજ ડિસિલ્ટિંગ સાથે યુદ્ધના ધોરણે સફાઈ કરાશે

સુરતઃ ડ્રેનેજ લાઈનની ફરિયાદોના નિવારણ માટે તમામ ઝોન વિસ્તારોમાં હયાત ડ્રેનેજ લાઈનો અને મશીનહોલની સાફ-સફાઈ અત્યંત સઘન રીતે કરવામાં આવશે. આ ઝુંબેશ અંતર્ગત સુરતના કતારગામ ઝોન, રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોન, ઉધના ઝોન, વરાછા ઝોન અને લિંબાયત ઝોન સહિતના તમામ વિસ્તારોમાં આવતી ડ્રેનેજ લાઈનોને આવરી લેવામાં આવી છે. ડ્રેનેજ વિભાગ દ્વારા ઝોન કચેરીના સ્ટાફ સાથે સંકલન કરી એક પત્રક તૈયાર કરવામાં આવ્યું છે, જેના આધારે નિયત સ્થળો અને રૂટ પરની કામગીરી નક્કી કરવામાં આવી રહી છે. સેનિટેશન અને આરોગ્ય વિભાગના અધિકારીઓને પણ ચુસ્તપણે પાલન કરાવવા અને અઠવાડિક ધોરણે કામગીરીના ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ ઉચ્ચ અધિકારીઓને સુપરવાઈઝ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

કટોકટી લાદનાર કોંગ્રેસ લોકતંત્રની રક્ષા કરવાનો ઢોંગ કરે છે: નિત્યાનંદ

કોંગ્રેસના શાસનમાં 10 વખત એસઆઈઆર થઈ ત્યારે મૌન અને આજે એ જ પ્રક્રિયાનો વિરોધ: કેન્દ્રીય મંત્રી



સુરતઃ‘લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો’ અભિયાન અંતર્ગત આજે સુરત ભાજપ કાર્યાલય ખાતે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયજીએ પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે એસઆઈઆર પ્રક્રિયાને લઈ કોંગ્રેસ અને વિપક્ષી દળો દ્વારા કરવામાં આવતા પાયાવિહોણા આક્ષેપો, લોકતંત્રની સંસ્થાઓ પ્રત્યે દુષ્પ્રચાર કરવાના વલણ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશની વિકાસયાત્રા સહિતના મુદ્દા અંગે વિસ્તૃત વાત રજૂ કરી હતી.

નિત્યાનંદ રાયજી કહ્યું હતું કે, કોંગ્રેસે દેશમાં કટોકટી લાદીને લોકતંત્રનું ગળું દબાવ્યું હતું, તે આજે લોકતંત્ર બચાવવાની વાત કરી રહી છે. સંસદ એ દેશના નાગરિકોના કલ્યાણ માટે કાયદા અને નીતિઓ ઘડવાનું સર્વોચ્ચ મંચ છે. પરંતુ સંસદની કાર્યવાહીથી દૂર રહેવું અને મોક પાર્લામેન્ટ યોજવી તે લોકશાહી સંસ્થાઓ પ્રત્યેના તેમના વલણને દર્શાવે છે. કોંગ્રેસે પોતાની રાજકીય નિષ્ફળતાઓનું આત્મમંથન કરવાને બદલે એસઆઈઆરના નામે લોકતંત્રને બદનામ કરવાનું બંધ કરવું જોઈએ.

ધડ વિનાની લાશ: મહિલા મિત્ર અને તેના પુત્રની પણ ધરપકડ

લાશનો નિકાલ કરવામાં મુખ્ય આરોપીની મહિલા મિત્રએ મદદ કરી હતી

સુરતઃ કતારગામના ડચ કબ્રસ્તાનમાંથી માથા વગરની લાશ મળવાની ઘટનામાં ઓડિશાના વતની સંજય ઉર્ફે સંજીન વિક્રમ ખોસલાની હત્યા કરવાના ગુનામાં મુખ્ય આરોપી સચિત્ર નરેન્દ્ર બાલની ધરપકડ બાદ રિમાન્ડ દરમિયાન લાશનો નિકાલ કરવામાં તેની સાથે પત્ની તરીકે રહેતી મહિલા અને તેના પુત્રની ભૂમિકા બહાર આવી છે. આથી કતારગામ પોલીસે મહિલા મિત્ર અને તેના પુત્રની પણ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, સચિત્ર લગ્ન વગર એક મહિલા અને તેના પુત્ર સાથે રહેતો હોવાનું બહાર આવ્યું છે. રવિવારે સવારે સંજય કારખાનામાંથી બાઇક લઈને બહાર નીકળતો હતો ત્યારે સચિત્ર મહિલા મિત્રના પુત્ર સાથે ત્યાં પહોંચ્યો હતો. પુત્ર બાઇક ચલાવતો હતો, જ્યારે સચિત્ર પાછળ બેઠો હતો. બંનેએ સંજયને વચ્ચે બેસાડી પોતાના ઘરે લઈ ગયા હતા. ત્યારબાદ મહિલા મિત્રનો પુત્ર બારડોલીના બગેસ ગામે પોતાની સાસરીમાં જતો રહ્યો હતો. બીજી તરફ, સંજયની હત્યા કર્યા બાદ લાશનો નિકાલ કરવામાં સચિત્રની પત્ની તરીકે રહેતી મહિલાએ મદદ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હવે હત્યામાં બંનેની ચોક્કસ ભૂમિકા, લાશના નિકાલમાં કરાયેલી મદદ અને અન્ય પુરાવાઓ અંગે કતારગામ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

વેપારી સાથે રૂ.16.31 લાખના માઈક્રો ગ્રે કાપડની ઠગાઈ

નકલી નામે કાપડનો જથ્થો સગેવગે કરી ઉઠમણું કરનાર ઠગબાજો સામે સારોલી પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ સુરતના સારોલી વિસ્તારમાં વેપાર કરતા ‘કંથ ફેબ્રિક્સ’ના સંચાલક સાથે ગ્રે કાપડના ધંધામાં રૂ. 16,31,676 ની ઠગાઈ થઈ હોવાની ગંભીર ઘટના સામે આવી છે. કામરેજના પરબ ગામ સ્થિત જી.એમ. ટેક્સટાઈલ્સ પાર્કમાં ધંધો કરતા નિલેશભાઈ ગોવિંદભાઈ સવાણીએ આ અંગે સારોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગત ઓગસ્ટ મહિનામાં કાપડ દલાલ નરેશભાઈ તેજાણીએ ‘લક્ષ્મી નારાયણ ફેબ્રિક્સ’ના પ્રોપરાઈટર કેવીતભાઈ અશોકભાઈ ભાયાણી સાથે નિલેશભાઈનો પરિચય કરાવ્યો હતો. સુરતના જ વેપારી હોવાથી વિશ્વાસ મૂકીને નિલેશભાઈ અને તેમના મિત્ર પીયૂષભાઈની પેઢી (‘વર્ણીરાજ ટેક્સટાઈલ’)માંથી કુલ 1,35,530 મીટર માઈક્રો ગ્રે કાપડ અવધ ટેક્સટાઈલ માર્કેટ ખાતે મોકલી આપવામાં આવ્યું હતું. માલ પહોંચ્યા બાદ પેમેન્ટ અંગે તપાસ કરતાં કૌભાંડનો પર્દાફાશ થયો હતો. મુખ્ય આરોપીઓ કેવીતભાઈ ભાયાણી, સૂર્યપ્રકાશ નાથુરામ કુમાવત, રાહુલ પોપટ પવાર અને સુનીલ ડાવરરામ કુમાવતે અન્ય શખ્સોની મિલીભગતથી અવધ માર્કેટના બેઝમેન્ટમાંથી ટેમ્પો મારફતે આ લાખો રૂપિયાનો માલ અન્યત્ર સગેવગે કરી દીધો હતો. વેપારી સાથે આચરવામાં આવેલા આ વિશ્વાસઘાત અને ઠગાઈ કેસમાં પોલીસે દલાલ, વેપારી અને માલ સગેવગે કરનાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

પીપી સવાણીના વિદ્યાર્થી અંશ દોશીએ કરાટેમાં ગોલ્ડમેડલ મેળવ્યો



સુરતઃ હાલમાં જ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત 70મી અખિલ ભારતીય શાળાકીય કરાટે સ્પર્ધાનું આયોજન સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલના કરાટે કોચ પરેશ પટેલ દ્વારા તાલીમ પામેલ વિદ્યાર્થી અંશ પંકજભાઈ દોશીએ ભાઈઓના 14 વર્ષ વય જૂથમાં 45 થી 50 કિલો વજનમાં ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર શાળા પરિવારનું નામ રોશન કર્યું હતું. તેની આગામી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામવા બદલ આચાર્ય અને ટ્રસ્ટીએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

એડવોકેટ પ્રીતિ જોશીના કાર્યાલય ખાતે મહાલક્ષ્મી પૂજન યોજાયું



સુરતઃ દિવાળીના પાવન પર્વ નિમિત્તે આજરોજ એડવોકેટ પ્રીતિબેન જીગ્નેશ જોશીના વ્યવસાયિક કાર્યાલય ખાતે મહાલક્ષ્મી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યાલયના તમામ સ્ટાફ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ભક્તિભાવપૂર્વક મહાલક્ષ્મીજી ની પૂજા-અર્ચના કરી સુખ, સમૃદ્ધિ અને કાર્યાલયની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક માહોલમાં યોજાયેલા આ પૂજન કાર્યક્રમમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

CMA જૂન-2026ની પરીક્ષામાં સફળ 350થી વધુ વિદ્યાર્થીઓનું સન્માન



સુરત : ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI)ના સુરત ચેપ્ટર દ્વારા CMA જૂન-2026ની પરીક્ષામાં સફળતા મેળવનારા ફાઉન્ડેશન, ઇન્ટરમિડિયેટ અને ફાઇનલના 350થી વધુ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સુરત CGSTના કમિશનર ડો. મનપ્રીત અરોરા અને CGSTના જોઇન્ટ સેક્રેટરી રોશન કુમાર ઉપસ્થિત રહ્યા હતા. સુરત CMA ચેપ્ટરના ચેરમેન CMA કેવલ શાહે જણાવ્યું હતું કે સુરત ચેપ્ટરના વિદ્યાર્થીઓ દર વર્ષે પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી રહ્યા છે.

વરદાન ચેરિટેબલ ટ્રસ્ટે 500થી વધુને ભોજન કરાવી માનવતાની મહેંક પ્રસરાવી



સુરતઃ સરકાર ગ્રુપ દ્વારા સંચાલિત વરદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળીના પર્વ નિમિત્તે સેવાકાર્યની અનોખી પહેલ કરવામાં આવી હતી. ટ્રસ્ટના સભ્યોએ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જઈ ભૂખ્યા અને જરૂરિયાતમંદ લોકો સુધી ભોજન પહોંચાડ્યું હતું. આ અભિયાન અંતર્ગત 500થી વધુ ભોજનની થાળીઓનું વિતરણ કરી દિવાળીના પર્વે સેવાભાવ અને માનવતાનો સંદેશ આપ્યો હતો. વેસુના સોહમ સર્કલ પાસે આવેલા શેલ્ટર હોમના 30 જેટલા બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ટ્રસ્ટ દ્વારા તેમના શાળાએ જવા-આવવાના વાહનવ્યવહારનો ખર્ચ પણ ઉઠાવવામાં આવે છે. આમ, ભૂખ્યાને ભોજન પૂરું પાડવાની સાથે જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણમાં સહયોગ આપીને વરદાન ચેરિટેબલ ટ્રસ્ટ સમાજસેવાનું સરાહનીય ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે.

લંડન યુનિ.ની બેરિસ્ટરની ડિગ્રી મેળવનાર પ્રથમ ગુજરાતી યુવતી પ્રીત ઝવેરી



સુરતઃ સુરતની રાયન ઈન્ટરનેશનલ સ્કુલની ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ.પ્રીત મીનેશભાઈ ઝવેરીએ મલેશિયાના ડીસ્ટડ ખાતે બાકીના સ્કુલનો અભ્યાસ તથા માસ્ટર ઓફ સાયન્સમાં ગ્રેજ્યુએશન બાદ બ્રિટનની યુનિ. ઓફ લંડન અને યુનિ.ઓફ નોર્ટિંગહામમાંથી બેચલર ઓફ લો તથા માસ્ટર ઓફ ઈન્ટરનેશલ લોની ડિગ્રી હાયર રેન્કમાં મેળવી છે. ત્યારબાદ સૌથી અઘરી ગણાતી બેરિસ્ટરની ડિગ્રી મેળવનાર સૌ પ્રથમ ગુજરાતી મહિલા તરીકે સુરત શહેર- ગુજરાતનો ગૌરવ અપાવ્યું છે. સુરતના કાયદા જગતમાં જાણીતા સિનિયર ક્રિમિનલ વકીલ સ્વ. ઘનસુખભાઈ ઝવેરીની પૌત્રી તથા વકીલ પિતા મિનેશ ઝવેરીના નકશે કદમ પર આંતરરાષ્ટ્રીય કાયદા ક્ષેત્રમાં આગળ વધીને કુ.પ્રીત ઝવેરીએ સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે.

વેઇટ લિફ્ટિંગ સ્પર્ધામાં જીનલ કાપડિયાએ ત્રીજું સ્થાન મેળવ્યું



સુરતઃ ગુજરાત સ્ટેટ ઇમ્પાવરમેન્ટ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ-2026નું આયોજન સરિતા સાગર સંકુલ ટ્રસ્ટ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાની સિનિયર મહિલા વર્ગની 92 કિલોની કેટેગરીમાં કહાર માછી સમાજનાં જીનલ મયંક કાપડિયાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જીનલ કાપડિયાની આ સિદ્ધિથી માછી સમાજમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. તેમની સફળતા બદલ માછી સમાજના અગ્રણીઓ, પાવર હાઉસ જીમના સંચાલકો તથા સમાજના સભ્યોએ તેમને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

નવી સિવિલમાં ઓડિયોમેટ્રી સેવા શરૂ



સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં સ્ટેમ સેલ બિલ્ડિંગમાં ઓડિયોમેટ્રી સેવાનો પ્રારંભ કરાયો છે, જ્યારે જૂના ટ્રોમા સેન્ટર (ડેન્ટલ OPD બિલ્ડિંગ) ખાતે OPG અને નવા એક્સ-રે મશીનો કાર્યરત કરવામાં આવ્યાં છે. તબીબી અધિક્ષક ડો.પારુલ વડગામાએ જણાવ્યું હતું કે, આ સુવિધાથી સાંભળવાની ક્ષમતામાં ખામી ધરાવતા દર્દીઓનું નિદાન હોસ્પિટલમાં જ થઈ શકશે. ઉપરાંત દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી તપાસ પણ અહીં જ થઈ શકશે.